

ફેશન-શૉ : ગાંધીનગરના પાદરે રાષ્ટ્રીય કક્ષાની ફેશન ડિઝાઈનીંગ સંસ્થા 'નિફ્ટ'ના વિદ્યાર્થીઓ દ્વારા અનોખો ફેશન-શૉ યોજાયો હતો... અવનવી ફેશનની અભિવ્યક્તિ તથા વસ્ત્ર પરિધાનમાં ફેશનનો અલગ અંદાજ વ્યક્ત કરાયો હતો... ફેશન-શૉમાં યુવક-યુવતીઓએ વેસ્ટર્ન આઉટફીટ વસ્ત્રો પરિધાન કરી રેમ્પ વૉક કર્યુ હતું... પ્રતિવર્ષ યોજાતો ફેશન-શૉ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે...

# રક્તદાનની વૃત્તિ-પ્રવૃત્તિમાં ઓટ આવતા ચિંતાના વાદળો

## ગુજરાતીઓ રક્તદાન કરવામાં અગ્રેસર પરંતુ છેલ્લા બે માસમાં રક્તદાનનું પ્રમાણ ઘટતા કટોકટી સર્જાઈ



ગાંધીનગર, તા. ૨૬

રક્તદાન કરવામાં હંમેશા અગ્રેસર રહેતા ગુજરાતીઓ આ સેવાકીય કાર્ય પ્રત્યે છેલ્લા કેટલાક સમયથી ઉદાસીન રહેતા રક્તદાનનું પ્રમાણ ઘટ્યું છે. જરૂરીયાતમંદોને રક્ત માટે ઠેર ઠેર ભટકવુ પડે તેવી સ્થિતિ છે. પુરુષોત્તમ માસમાં દાન-પુણ્યનું ખુબ મહત્વ છે. આ માસમાં પૈસા-અનાજનુ દાન નહી કરો તો ચાલશે પરંતુ રક્તદાન કરી કોઈનું જીવન બચાવવામાં મદદરૂપ થશો તો આનાથી મોટુ કોઈ દાન નહી હોય.

રક્તદાન ક્ષેત્રે સંકળાયેલી સંસ્થાઓ છેલ્લા કેટલાક સમયથી ચિંતામાં છે. રક્તદાનનુ પ્રમાણ ઘટતાં હાલમાં રક્તની રીતસર અછત સર્જાઈ છે.

**સમયસર**

સંસ્થાઓ પાસેથી મળતી વિગતો અનુસાર ગુજરાતીઓ રક્તદાનમાં ખુબ જ અગ્રેસર છે. જ્યાં જ્યાં રક્તદાન કેમ્પ હોય ત્યાં ત્યાં ગુજરાતીઓ ઉત્સાહભેર રક્તદાન કરે છે. નિયમિત રીતે રક્તદાન કરનારા દાતાઓની સંખ્યા પણ અહીં સવિશેષ છે. રેડક્રોસ, પ્રથમ તથા અન્ય સેવાકીય સંસ્થાઓ અને વિવિધ સમાજ દ્વારા અવારનવાર રક્તદાન કેમ્પ યોજવામાં આવે છે. આવા રક્તદાન કેમ્પ થકી રક્તની જરૂરીયાતની ૮૩ ટકા જેટલી પૂર્તી થાય છે. પરંતુ છેલ્લા બે-ત્રણ માસમાં રક્તદાનની પ્રવૃત્તિમાં ઓટ આવી છે. ઉનાળાના કારણે તથા દાતાઓમાં ઉદાસિનતાના કારણે રક્તદાનનુ પ્રમાણ ઘટ્યુ છે. જે ૮૩ ટકાથી ઘટીને ૭૦ ટકા પહોચ્યુ છે. આ ઘટાડો જરૂરીયાતમંદો માટે પડકારરૂપ બન્યો છે. થેલેસેમિયાના બાળકોને નિયમિત રીતે બ્લડ ચઢાવવાની જરૂર પડતી હોય છે તેમજ અકસ્માત અથવા નાની મોટી સર્જરીમાં દર્દીઓને લોહીની તાતી જરૂરીયાત રહે છે. જો સમયસર તેઓને જરૂરીયાત મુજબના બ્લડગ્રુપનું લોહી ન મળે તો ક્યારેક જીંદગી સામે જોખમ ઉભુ થાય છે. રક્તદાનનું પ્રમાણ ઘટતા સામાજિક સંસ્થાઓએ આગળ આવી વધુને વધુ રક્તદાન કેમ્પ યોજવા જોઈએ. હાલમાં પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે. ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુ છે. આવા ધાર્મિક કાર્યક્રમોની સાથે જ જો રક્તદાન કેમ્પ યોજવામાં આવે અને વધુને વધુ લોકોને રક્તદાન કરવા પ્રોત્સાહન આપવામાં આવે તો આ કટોકટી ટળી શકે છે અને આ દાનનુ પુણ્ય અનેકગણુ મળી શકે છે.

# શહેરમાં ગરમીનો પારો દોઢ ડિગ્રી વધ્યો : પુનઃ હીટવેવ

**ગરમીથી જનજીવન પ્રભાવીત : ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચ્યો : શહેરીજનોએ સંતાનોને ખુલ્લામાં રમવા જતા અટકાવ્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ગરમીમાં મળેલી રાહત આજે ફરી પાછી છીનવાઈ જવા પામી હતી. આજે ગરમીનો પારો એકાએક દોઢ ડિગ્રી જેટલો વધીને ૪૪ ડિગ્રી સુધી પહોંચી જવા પામ્યો હતો. દિવસ દરમ્યાન અગનગોળાની જેમ વરસેલી ગરમીના કારણે જનજીવન પ્રભાવિત થવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ સાંજ સુધીમાં માત્ર ૧૯ ટકા જેટલું જ રહેતા દિવસ દરમ્યાન ભારે શુષ્કતા અનુભવાઈ હતી જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિગ્રી રહ્યું હતું.

રાજ્યભરમાં ઉનાળાની આગ ઝરતી ગરમીએ નાગરિકોને ત્રાહિમામ કર્યા છે. ગઈકાલે ૪૨.૫ ડિગ્રીએ ગગડેલી ગરમી આજે ફરી એકાએક દોઢ ડિગ્રી સુધી વધી જતાં નગરજનો તોબા પોકારી ગયાં હતા. બપોરના સમયે પાટનગરના રાજમાર્ગો સુમસામ થઈ જવા પામ્યા હતા. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે જે ૬૫ ટકા સુધી હતુ તે પણ ઘટીને સાંજે માત્ર ૧૯ ટકા સુધી જ રહેવા પામ્યુ હતુ. સતત અકળાવનારી ગરમીના કારણે નાગરિકોએ ચામડીની વિવિધ તકલીફો અનુભવી હતી અને

● અનુસંધાન પાન-૭ પર

# ૨૪ પંચાયતોના રિપેરીંગ કામ માટે ફાળવેલી રકમમાંથી ૨૭માં કામ થશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં જર્જરીત અને મરામત થઈ શકે તેવા ૨૪ પંચાયત ઘર માટે ફાળવેલ રૂ. ૧ કરોડથી પણ વધુ ગ્રાન્ટની રકમમાં કરકસર કરી અને ૨૭ જેટલી પંચાયતોનું રિપેરીંગ કામ કરવામાં આવ્યુ છે.

૧૭-૧૮ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આ ગ્રાન્ટ છુટી કરવામાં આવી હતી. આ પછી જિલ્લા પંચાયત દ્વારા ટેન્ડરીંગ સહિતની પ્રોસેસ પૂર્ણ કરી અને કામ હાથ ધરવામાં આવતાં નિયત પંચાયતો ઉપરાંત વધુ ૩ પંચાયતોમાં પણ મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે દહેગામમાં પંદર, ગાંધીનગરમાં ૭ અને માણસાની ત્રણ પંચાયતોમાં મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પૈકી ૧૧ જેટલી પંચાયતોમાં તો કામગીરી પણ સંપન્ન થઈ ગઈ છે અને બાકીની પંચાયતોમાં આગામી એક-બે માસમાં કામગીરી સંપન્ન થઈ જશે. રાજ્ય સરકારે ૨૦૧૧ની વસ્તીને ધ્યાને રાખી પંચાયતઘરની મરામત અને જર્જરીત પંચાયતો માટે ગ્રાન્ટ ફાળવી હતી. આ માટેની ગ્રાન્ટની રકમ જિલ્લાને ફાળવવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં આ વર્ષે પણ જર્જરીત અને મરામત માટેની દરખાસ્ત તૈયાર કરી સરકારમાં મોકલવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

# સેકટરોના એપ્રોચ માર્ગને અનુલક્ષી ફોરટ્રેક બનાવાની યોજના અભેરાઈએ

**ચાર વર્ષ અગાઉ આ અંગે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી : ફુટપાથના નિર્માણ વેળાએ પણ ફોરટ્રેકને અનુલક્ષી જગ્યા ખુલ્લી મુકવામાં આવી છે**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કવરામાં આવ્યો છે. જયારે બાકી રહેતા સેકટરોમાં પણ આગામી ચોમાસા બાદ રસ્તાનુ કામ હાથ ધરાશે. પરંતુ સેકટરોમાં વધતી વસતી અને વિકાસના નવા આયામોને ધ્યાને લઈ સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક બનાવાની યોજના છેલ્લા ચાર વર્ષથી અભેરાઈ છે. સેકટરોના એપ્રોચ માર્ગ પર માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. ત્યારે વાહનોની વધતી અવરજવરને ધ્યાને લઈ એપ્રોચ માર્ગને ફોરટ્રેક બનાવવા આયોજન કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

શહેરમાં થોડા સમય અગાઉ નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. જયારે બાકી રહેતા સેકટરોમાં પણ આંતરિક માર્ગાની સુધારણાનુ કામ ચોમાસા બાદ હાથ ધરાશે. જુના સેકટરોમાં પણ હજુ આંતરિક રસ્તાઓને યોગ્ય કરવાની કામગીરીનુ ઠેકાણુ પડયુ નથી. શહેરના મુખ્ય માર્ગો પર માર્ગોની સુધારણાનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે. એકબાજુ નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધી રહયુ છે. બીજીતરફ નગરના આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધી છે. સેકટરોમાં શોપિંગ બજારો ધમધમતા થયા બાદ અને સેકટરની વસતીની સાથે આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધી છે. ત્યારે સેકટરોના પ્રવેશ દ્વારા સમા એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાનુ આયોજન વિસરાયુ છે.અગાઉ આ માટે તંત્ર દ્વારા સેકટરોના એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક કરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ છેલ્લા ચાર વર્ષના લાંબા સમયગાળાના અંતે પણ આ દરખાસ્ત અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. શહેરના સેકટરોના એપ્રોચ માર્ગને અડીને નિર્માણ કરાયેલી ફુટપાથ બનાવતી વખતે પણ એપ્રોચ માર્ગના આયોજનને ધ્યાને લેવામાં આવ્યુ હતુ. જયારે એપ્રોચ રોડ બનાવવાની યોજનાને અનુલક્ષી આ મુજબ જગ્યા પણ ખુલ્લી મુકવામાં આવી છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની કામગીરીના અંતે પણ આ દિશામાં કોઈ આયોજન થતુ નથી.

# જિલ્લાના ત્રણ પી.એચ.સી.ના નવીનીકરણ માટે ગ્રાન્ટ ફાળવવા માંગ

**પાંચ પેટા આરોગ્ય કેન્દ્ર માટે પણ દરખાસ્ત કરાઈ : પંચાયતની માર્ચ-૧૮માં સામાન્ય સભાએ આ અંગે ઠરાવ પસાર કર્યો હતો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પાંચ પેટા આરોગ્ય કેન્દ્રોના નવીનીકરણ માટેની ગ્રાન્ટ તાકીદે છુટી કરવા માટે જિલ્લા આરોગ્ય તંત્રએ તેની દરખાસ્ત અધિક નિયામક આરોગ્યને મોકલી આપી છે.

જિલ્લામાં નવા મંજૂર થયેલ પ્રા.આ. કેન્દ્ર પાનસર, મોટી આદરજ તેમજ વડોદરાના નવીનીકરણ માટે તેમજ પલસાણા, વીરા-તલાવડી, નાના-ચિલોડા, ધણપના પેટા આરોગ્ય કેન્દ્રો ઉપરાંત પેથાપુર પ્રસુતિગૃહ તેમજ વોર્ડના મકાનનું ડિમોલેશન કરવાની મંજૂરી મળી છે જેના નવિન બાંધકામ માટેની ગ્રાન્ટ છુટી કરવા વિનંતી કરી છે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીએ આ દરખાસ્તમાં સામાન્ય સભા જે ૨૬-૩-૧૮ના રોજ મળી હતી અને તેના ઠરાવનું ૧૪૧ કામ નં. ૧૦માં આપેલી મંજૂરીનો પણ ઉલ્લેખ કરી આ વર્ષે જ આ નાણાંકીય ગ્રાન્ટ ઉપલબ્ધ થાય તે જોવા પણ વિનંતી કરી છે.

એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે રૂ. ૬૫ લાખ તેમજ એક પેટા આરોગ્ય કેન્દ્રોના નવીન બાંધકામ માટે રૂ. ૨૨ લાખની રકમ રાજય સરકાર અનુદાન પેટે આપતી હોય છે. આ દરખાસ્ત મંજૂર થતાં જિલ્લાને ૨.૫૦ કરોડથી પણ વધુની રકમ મળશે.

આ ઉપરાંત જિલ્લામાં આરોગ્યની સેવાઓ સઘન બનાવવામાં તે મહત્વની પુરવાર થશે. જિલ્લા પંચાયત દ્વારા આજ સામાન્ય સભામાં દવાખાનાઓના નાના-મોટા રિપેરીંગ કામ માટે પણ સારી એવી રકમ ફાળવી હતી આ ઉપરાંત જે કેન્દ્રોમાં પ્રસુતિ કેન્દ્રોની સાથે એટેચ સંડાસ-બાથરૂમની સુવિધા નથી તે માટે પણ રૂ. ૧૦ લાખ જેટલી રકમ સ્વભંડોળમાંથી ફાળવી આપતા પ્રસ્તાવો પસાર કરાયા હતા જે ઉલ્લેખનીય છે.



ટ્રાફીકની સમસ્યા - શહેરમાં આજકાલ ટ્રાફીક અને પાર્કિંગની સમસ્યા ઘેરી બનતી જાય છે... ખાસ કરીને સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટર, ૧૭-૨૨ વિસ્તાર, સેક્ટર-૧૬ વાણિજ્ય વિસ્તાર, તથા સેક્ટર-૧૧ના વાણિજ્ય સંકુલો પાસે પાર્કિંગ અને ટ્રાફીકની સમસ્યા માથાના દુઃખાવો બની ગઈ છે... તંત્ર દ્વારા પગલા તો લેવાય છે, પરંતુ અપુરતા પુરવાર થાય છે... શહેરમાં વધતા જતા વાહનો અને વધતા જતા મુલાકાતીઓની સંખ્યાની સીધી અસર ટ્રાફીક અને પાર્કિંગ પર વર્તાય છે... જો કે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યામાં દબાણો પણ એટલા જ જવાબદાર છે... તંત્ર દ્વારા આવા દબાણો દૂર તો કરાય છે પરંતુ બીજા કે ત્રીજા દિવસે પરિસ્થિતિ ઠેર ના ઠેર જ આવી જાય છે... સાથે સાથે આડેધડ થતાં વાહન પાર્કિંગથી પણ ટ્રાફીકની સમસ્યા પણ સર્જાય છે... સ્વયં જાગૃતિ આવશે ત્યારે ટ્રાફીક અને પાર્કિંગની સમસ્યમાં કંઈક અંશે ઘટાડો થઈ શકે એમ છે... સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટર અને શાકમાર્કેટ વિસ્તારમાં તંત્ર દ્વારા ટ્રાફીકની સમસ્યાના હલ માટે ટ્રાફીક પોલીસ દ્વારા વધુ ભારણવાળા માર્ગો પર બેરીકેટ્સ મુકી હંગામી ટ્રાફીકની સમસ્યા હલ તો કરી છે... પણ આ સમસ્યાનો કાયમી ઉકેલ પણ એટલો જ જરૂરી છે... નાગરિકોમાં ચર્ચાઈ રહ્યું છે કે, સેક્ટર-૨૧માં પાથરણાવાળા અને લારીવાળાઓના દબાણથી જ ટ્રાફીક અને પાર્કિંગની સમસ્યા વધુ વકરી છે...

# આર.ટી.ઓ. કચેરીમાં ૧લીથી ઈ-પેમેન્ટનો અમલ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આગામી તા ૧ જુનથી વાહનડીલરો પાસેથી ઈ પેમેન્ટ જ સ્વીકારવામાં આવશે. જિલ્લામાં અંદાજિત ૩૮ જેટલા ડિલરો છે. જયારે આ ડીલરો સાથે આર ટી ઓ તંત્રએ બે વાર બેઠક કરી જરૂરી ચર્ચા વિચારણા પણ કરી છે. જયારે વાહનડીલરો ઈ પેમેન્ટથી ચુકવણી કરવાનુ શરૂ કરી દે ત્યારબાદ અન્ય પ્રક્રીયા પણ ઈ પેમેન્ટથી થાય તે દિશામાં કાર્યવાહી હાથ ધરાશે.

નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીનો વહીવટ ઝડપી અને પારદર્શક હોવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ સ્ટાફના અભાવે તેમજ વારંવાર સર્વર ડાઉન થતા હોવાના લીધે અનેકવાર અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. જેના લીધે અરજદારોમાં પણ રોષ પ્રવર્તે છે. જો કે થોડા સમય અગાઉ પણ આર ટી ઓ કચેરીમાં નવા આશિષ્ટન્ટ ઈન્સપેકટરોની ભરતી કરવામાં આવી છે.જયારે આ ભરતીના અંતે આર ટી ઓ કચેરીની ટ્રાફિક નિયમન સહીત વાહનચકાસણી અને અન્ય વહીવટી કામગીરી પણ ઝડપી બનશે તેમ મનાઈ રહયુ છે. જયારે આર ટી ઓ કચેરીમાં અરજદારોને પેપરલેસ કાર્યપધ્ધતિનો લાભ મળે તે માટે પણ પ્રયાસ કરવામાં આવી રહયા છે. આગામી દિવસોમાં આર ટી ઓ કચેરીમાં ઈ પેમેન્ટનુ ચલણ જોવા મળશે. અલબત્ત વાહનોના ટેક્ષ સહીતના ચુકવણા ડીલરોએ ઈ પેમેન્ટના માધ્યમથી કરવાના રહેશે. આ માટે આર ટી ઓ તંત્ર દ્વારા બે વાર ડીલરો સાથે બેઠક યોજવામાં આવી છે. જયારે આ અંગે જરૂરી કાર્યવાહી પણ હાથ ધરાઈ છે.

આર ટી ઓ કચેરીની સઘળી કામગીરી ધીમે ધીમે ઈ પેમેન્ટ આધારિત કરવાની દીશામાં પણ પ્રબળ વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં આ મામલે તબક્કાવાર કામગીરી પણ હાથ ધરાશે. જયારે આગામી તા ૧ જુનથી ડિલરો માટે ઈ પેમેન્ટ પ્રથા શરૂ કરી દેવાશે. ગાંધીનગર જિલ્લામાં અંદાજિત ૩૮ જેટલા ડિલરો પાસેથી આર ટી ઓ કચેરી ટેક્ષ સહીતના ચુકવણા ઈ પેમેન્ટથી સ્વીકારશે. હવે કાયમી ધોરણે ઈ પેમેન્ટની યોજના અમલી બનશે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ
રાંધેજા, માણસા-ગાંધીનગર હાઈવે, તા.જી.ગાંધીનગર
Admission Open 11th/12th Science
સમગ્ર ગુજરાતનાં સર્વશ્રેષ્ઠ NEET/JEE/GUJCET/NCERT ના વિષય નિષ્ણાંત શિક્ષકો
અગાઉના વર્ષમાં MBBS માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ
Vibhuti Vasava, Meet Ajabkar, Lirisha Saxena, Anjali Patel, Darshil P. Patel, Jay Patel
હોસ્ટેલની સગવડ Boys/Girls
UNIVERSITY CAMBRIDGE International Examinations
CAMBRIDGE INTERNATIONAL CENTRE
ધોરણ-૧૦ ગુજરાત બોર્ડમાં ૯૦% તથા CBSE માં 9-CGPA મેળવેલ વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૧ ની શિક્ષણ ફી માં ૧૦૦% ડીસ્કાઉન્ટ
Visa Facility for Canada& USA
Foreign tour from School
Contact : Jagdish Patel Sir M. 99099 26436
Web : www.gipschools.com
e-mail : gips.school.@yahoo.com
M. 9601271081 (W)
Contact us : 9925017160, 9925040733
Ph No. : 079 23976821-22-23
ધોરણ ૧૧-૧૨ સાયન્સ (ગુજ.બોર્ડ), ગુજરાતી માધ્યમ/ENGLISH MEDIUM
NEET/JEE/GUJCET/NCERT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૬
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યૂઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com